બાળકો અને નવયુવાનો માટે

# હાદી માસિક


રબીઉસ્સાની, હી.સ. ૧૪૩૪,
માર્ચ - ૨૦૧૩

અંક ૫૩





રૂા. 30/-



# સુરએ હમ્દમાં પ્રશિક્ષણના પાઠ

(૧) મનુષ્ય સુરએ હમ્દમાં **"બિસ્મિલ્લાહ"** કહીને ખુદા સિવાય અન્ય પાસેથી આશા રાખવાની બાબતને ખત્મ કરી દે છે.

(૨) **"રબ્બુલ આલમીન"** અને **"માલીકે યૌમ્મુદીન"** કહેવાવાળો વ્યક્તિ પોતાને ખુદાનો બંદો અને પોતાને તેની રૈયત સમજતો થાય છે.

(૩) મનુષ્ય **"રબ્બુલ આલમીન"**નું વાક્ય ઉચ્ચારે છે, ત્યારે પોતાના અને સમગ્ર સૃષ્ટી વચ્ચે એક જાતનો અનુબંધ પ્રસ્થાપિત કરે છે.

(૪) **"અર્રહમાનિર્રહીમ"** કહીને પોતાને ખુદાની વિશાળ છત્રછાયામાં જુવે છે.

(૫) **"માલીકે યૌમ્મુદીન"** કહેવાથી મનુષ્ય કયામતના દિવસની બાબતમાં સજાગ થઈ જાય છે.

(૬) **"ઈય્યાકા નાઅબોદો"** કહીને મનુષ્ય આત્મશ્લાઘા અને ગર્વપ્રિયતાથી દૂર થઈ જાય છે.

(૭) **"ઈય્યાકા નસતઈન"** કહીને મનુષ્ય ખુદા સિવાય કોઈ





અન્યની પાસેની યાચના કરવાની ચિંતામાંથી મુક્ત થઈ જાય છે.

(૮) "અનઅમતા અલયહિમ" કહીને મનુષ્ય એ હકીકતથી જાણકાર થઈ જાય છે કે ખુદાની નેઅમતોની વહેંચણી તેના જ સર્વાધિકારમાં છે અને તેથી ઈર્ષા ત્યાગવી જોઈએ, કારણ કે ઈર્ષાનો અર્થ એવો થાય છે કે, ઈર્ષાળુ વ્યક્તિ આજીવિકાની ખુદાની વહેંચણી પ્રત્યે નારાજગી રાખે છે.

(૯) મનુષ્ય "અહદેનસ્સરાતલ મુસ્તકીમ" કહીને અલ્લાહ પાસે પોતાને સત્યના માર્ગે કાયમ રાખવાની યાચના કરે છે.

(૧૦) મનુષ્ય "સિરાતલ્લઝીના અન અમતા અલયહિમ" કહીને પોતાની જાતને ખુદાના માર્ગે ચાલનારાઓની સાથે જોડી દેવાની અને તેમની સાથે એકાકાર થઈ જવાની ઘોષણા કરે છે.

(૧૧) અને છેવટે "ગયરલ મગઝૂબે અલયહિમ વલઝઝાલ્લીન" નો સ્વીકાર કરીને અસત્ય અને અસત્યના અનુયાયીઓ પ્રત્યે પોતાની નફરત અને ધિક્કાર દર્શાવે છે.

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

રબીઉસ્સાનીનો માસ પોતાના ખોળામાં આપણાં માટે એક ખુશાલીનો પ્રસંગ લઈને આવે છે. આ માસમાં ઈમામત અને વિલાદતના સિલસિલાની અગ્યારમી કડીએ આ જગતમાં આવીને સમગ્ર જગતને પોતાના દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરી દીધો છે. ઈમામતના આકાશના આ અગ્યારમાં ચંદ્રમાની વિલાદતે – બા–સઆદતના પ્રસંગે અમે આપણાં ઈમામે ઝમાના અજ.ની સેવામાં મુબારકબાદી પેશ કરીએ છીએ અને તમારા સૌની સેવામાં પણ આ મુબારકબાદી પાઠવવાનો શરફ હાસલ કરી રહ્યાં છીએ. વહાલા બાળકો ! ઈમામ અ.સ.એ આપણને પોતાનું જીવન કેવી રીતે વિતાવવું જોઈએ તેનો બોધ પોતાના એ કર્મ વડે આપ્યો છે કે એક દિવસ બધાં બાળકો રમતગમતમાં પરોવાએલા હતાં અને આપ ત્યાં એક બાજુએ ઊભા રહીને વિચારમગ્ન હતાં. જનાબ બહલૂલ ત્યાંથી પસાર થયાં તો આ જોઈને પુછ્યું: આ બધાં રમતગમતમાં મશગૂલ છે અને આપ ત્યાં એકલા ઉભા છો ? આપે ફરમાવ્યું : અમારા સર્જનનું કારણ રમતગમત નથી પરંતુ જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ જ આપના જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

બાળકો ! તેથી આપણે પણ પોતાના ઈમામના પગલે ચાલીને તેમના કાર્યોનું અનુકરણ – અનુસરણ કરીને પોતાને આપના સાચા મિત્રો – અનુયાયીઓ હોવાની સાબિતી આપવી જોઈએ.

વાર્ષિક પરીક્ષાઓ તદ્‌ન માથે આવી ગઈ છે. આપણે પોતાની એક વરસની મહેનતને બધાંની સામે – ખાસ કરીને પોતાના વડીલો સમક્ષ રજુ કરવાની આ તક જતી કરવી જોઈએ નહીં અને માટે ઘણી જ સખ્ત મહેનત કરવી જોઈએ જેથી કરીને આપણાં વડીલો કે જેઓ આપણાં ભવિષ્યની ચિંતામાં હંમેશા ચિંતિત રહે છે તેઓને ગર્વથી પોતાના માથા ઉંચકીને ચાલવાની તક મળે અને તેમના હૃદયમાં જે આશાઓ અને આકાંક્ષાઓ છે તે પૂર્ણ થાય. એ તો સ્પષ્ટ છે કે દરેકને પોતાની મહેનતનું ફળ તો મળે જ છે.

અલ્લાહનું હૃદયપૂર્વક ધ્યાન ધરીને મહેનત કરશો તો ઈન્શાઅલ્લાહ સફળતા તમારા કદમોમાં હશે.

અમે દુઆ ગુજારીએ છીએ કે તમે સફળતા પ્રાપ્ત કરો...

વસ્સલામ

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-



# રબીઉસ્સાની માસની ખાસ ઘટનાઓ



**૧-રબીઉસ્સાની :** આપણાં ત્રીજા ઈમામની કરબલાના મેદાનમાં કરૂણ શહાદત પછી તેમના કતલ કરનારાઓથી તેમના ખૂનનો બદલો લેવા માટેની જાહેરાત ઈમામના ચાહવાવાળાઓએ આજના દિવસે સને ૬૫ હિજરીમાં કરી હતી અને ક્રાંતિ માટે તેઓએ કમર કસી હતી. આ લોકોના આગેવાન સુલેમાન બિન સુરદ હતાં.

**૧૦-રબીઉસ્સાની :** સને હિજરી ૨૦૧માં આજના દિવસે આપણાં આઠમા ઈમામના બહેન જનાબ માઅસૂમએ કુમ (સલા.)ની શહાદત થઈ હતી. આપ કુમ શહેરમાં દફન થયાં હતાં. કુમ શહેર વિશે આપણાં છઠ્ઠા ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું હતું કે "કુમ નાનું કૂફા છે અને જન્નતના આઠ દરવાજામાંથી એક સન્નારી દફન થશે. તેમનું નામ "ફાતિમા" હશે અને તે મુસા બિન જાઅફર (સાતમા ઈમામ)ની પુત્રી છે. તેમની "શિફાઅત"થી તમામ શીઆ જન્નતમાં દાખલ થશે." (બિહાર-ભાગ-૫૭-પાનું ૨૨૮)

**૧૪-રબીઉસ્સાની :** અને ૬૭ હિજરીમાં આજના દિવસે ઈમામ હુસૈનના જનાબ મુખ્તાર નામના એક અત્યંત શૂરવીર ચાહકે ઈમામ હુસૈનને શહીદ કરનારાઓ (કાતિલો)થી બદલો લેવાની જાહેરાત કરી હતી અને પોતાના સૈન્ય વડે ૧૮ હજાર મલઊનોને નર્કમાં મોકલી આપ્યાં હતાં.

**૨૫-રબીઉસ્સાની :** સને ૬૪ હિજરીમાં આજના દિવસે યઝીદ મલઊનના દીકરાએ પોતાના પિતાની હકૂમત-શાસન અને સિંહાસનને ઠોકર મારીને સત્તાનો ત્યાગ કર્યો હતો.

# "દુઆ કબુલ થવાની શર્તો"

## (૩) અલ્લાહની બારગાહમાં વ્યાકુળતા વ્યક્ત કરવી તે :-



દુઆમાં મનુષ્ય માટે અલ્લાહની બારગાહમાં રક્ષણ માંગવું જરૂરી છે. કેમકે વ્યાકુળ વ્યક્તિ ખુદાવંદે આલમ સિવાય બીજા કોઈને એને લાયક નથી સમજતો કે બીજા કોઈની પાસેથી તે આશા રાખે અને પોતાની જરૂરીયાતો માટે અન્ય કોઈની ઉપર ભરોસો કરે.

જ્યારે મનુષ્ય અલ્લાહ અને અલ્લાહ સિવાય તેના બંદાઓમાંથી કોઈની આશા રાખે છે, ત્યારે તેણે ખુદાવંદે આલમ પ્રત્યે જે રીતનો પ્રેમભાવ રાખવો જોઈએ તેવો પ્રેમભાવ તેણે રાખ્યો ન ગણાય અને પોતાના મનમાં અલ્લાહ પ્રત્યે વ્યાકુળતાની સ્થિતિ ઉત્પન્ન કરેલી ન ગણાય જો કે દુઆ કબુલ થવાની આજ પાયાની શરત છે.

હ. અમીરૂલ મોઅમેનીન અ.સ.એ. મુહમ્મદ બીન હનફીયાને શિખામણ આપતા ફર્માવ્યું કે "મનુષ્ય નિઃસ્વાર્થતા વડે મુક્તિ મેળવી શકે છે. જ્યારે વધારે પ્રમાણમાં વ્યાકુળતા અને વ્યગ્રતા હશે તો જ મનુષ્યને અલ્લાહની બીક રહેશે." (વસાએલુશશિઆ, ભાગ-૪, પાન-૧૧૨૧ હદિસ ૮૭૬૪)



મજબુરીની પરિસ્થિતિમાં જ્યારે મનુષ્યની તમામ આશાઓ દરેક રીતે તુટી જાય છે, ત્યારે તેણે ફક્ત અલ્લાહની બારગાહમાં જ આજીજી કરવી જોઈએ, અને ખુદા સિવાય અન્ય કોઈની પાસેથી આશા રાખવી જોઈએ નહીં.



E-mail : hadimasik@yahoo.com



રીવાયતમાં આવ્યું છે કે અલ્લાહ એ હ. મૂસા અ.સ. ઉપર વહિ ઉતારી કે "હે ઈસા જેનો બીજો કોઈ મદદગાર ન હોય તેની જેમ મારી બારગાહમાં આજીજી કરીને મારી પાસે દુઆ માંગો અને મારા સિવાય અન્ય કોઈની પાસે દુઆ માંગો નહીં. જો કોઈ મારી પાસે આવી રીતે દુઆ માંગશે તો હું તેને જરૂર કબુલ કરીશ." (વસાએલુશ્શીઆ ભાગ-૪, પાના નં.૧૧૭૪, હદિસ નં. ૮૯૫૮)

અમીરૂલ મોઅમેનીન હ.અલી અ.સ. બારગાહે ખુદામાં વ્યાકુળતા વ્યક્ત કરવાની રીત જણાવતા મુનાજાતમાં ફર્માવે છે કે "પરવરદિગાર ! મારી સમસ્યા માંગનારાઓના સવાલો સાથે સરખાવી શકાય તેવી નથી. કેમકે માંગનારાઓને જ્યારે મનાઈ કરી દેવામાં આવે છે ત્યારે તે માંગણી કરવામાંથી અટકી જાય છે, પરંતુ હું તો તારાથી નિઃસ્પૃહ નથી, મારે તો દરેક પરિસ્થિતિમાં તારી સમક્ષ યાચના કરવાની જ છે."

અબૂબસર હઝરત ઈમામ જાઅફર સાદિક અ.સ.થી રિવાયત કરે છે કે આપ અ.સ.એ ફરમાવ્યું છે કે "જ્યારે કોઈનું હૃદય રૂદનથી ભરાઈ જાય ત્યારે તેણે દુઆ કરવી જોઈએ કેમકે જ્યાં સુધી હૃદયમાં નિખાલસતા ન હોય ત્યાં સુધી હૃદય રૂદનથી ઉભરાઈ જતું નથી." (વસાએલુશ્શીઆ ભા.૪, પાન.-૧૧૨૦, હદીસ-૮૭૬૧, ઉસૂલે કાફી ભા.૨, પાન.-૫૨૧)



ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે :- "જ્યારે તમારા શરીરના વાળ ઉભા થઈ જાય અને તમારી આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગે તો એ પરિસ્થિતિને અવશ્ય મુલ્યવાન સમજો કેમકે એ પરિસ્થિતિ દર્શાવે છે કે તમારી આશાઓના પૂર્ણ થવાની ઘડી આવી પહોંચી છે." (વસાએલુશ્શીઆ ભા.૪, પાન.-૧૧૪૧, હદીસ, પાનં.-૮૭૬૩)



ઈસ્લામની આજ્ઞાઓમાં સ્પષ્ટ વર્ણન થએલ છે કે આત્માની નમ્રતા અને હૃદયના રૂદન અને ગ્લાનીથી ભરાઈ જવાના સમયનો લાભ ઉઠાવવો જોઈએ કારણ કે તે સમયે મનુષ્ય પોતાની આ જગતની સમસ્યાઓ અને મુસીબતોનું અલ્લાહની બારગાહમાં દુઆ અને યાચના કરીને નિવારણ કરી શકે છે.

ઈસ્હાક-બિન-અમ્મારથી રિવાયત છે કે ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની પવિત્ર સેવામાં હું હાજર થયો અને અરજ ગુજારી કે “હું દુઆ કરતી વખતે રૂદન કરવા માંગું છું. પરંતુ મને રડવું આવતું નથી. ત્યારે હું મારા સ્વર્ગસ્થ કુટુંબીજનોને યાદ કરૂં છું ત્યારે જ મને રડવું આવે છે. શું આ યોગ્ય છે?” ઈમામ અ.સ.એ. ફરમાવ્યું “હા ! તમે તેમને યાદ કરો અને જ્યારે તમારૂ હૃદય રૂદનથી ભરાઈ જાય અને રડવા લાગો ત્યારે ખુદાવન્દે આલમથી દુઆ કરો” (ઉસૂલે કાફી-ભા.-૨., પા.નં.-પ૨૩, વસાએલુશ્શીઆ ભાગ-૪, પા.નં.-૧૧૨૨૧, હદીસ નં.-૮૭૬૭)

હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ. સજદામાં આ ઝિક્ર ફરમાવતા હતાં “હું મારા તુચ્છ ચહેરા સાથે તારી મહાન શક્તિશાળી ઝાતની સામે સજદામાં પડી ગયો છું. મેં મારા જરી-પુરાણાં ચહેરાને તારી નિઃસ્પૃહ ઝાતની સામે સજદામાં મુકી દીધો છે. મેં મારા એવા ચહેરા-આંખ-કાન-માંસ-ચામડી-હાડકા અને એવી તમામ વસ્તુઓ કે જે આ પૃથ્વી ઉપર ભાર રૂપ છે તેના વડે સમગ્ર સૃષ્ટીના પાલનહાર ખુદાની સામે સજદો કર્યો છે.” (અલ-અલદુલ અમીવ પા નં. ૩૩૧)





E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો,
આપેલ ચિત્ર મુજબના રંગ પુરીને
ચિત્રને સુંદર બનાવો








# અલીનો શીઆ

(બીજો હપ્તો)

## શીઆઓના લક્ષણો

ઈમામ જાઅફર સાદિક અ.સ. ફરમાવે છે કે અમારા શીઆઓ પરહેઝગારી (તકવા) ધારણ કરનારાઓ અને સદકાર્યો કરવામાં અગ્રેસર-વફાદારીનો ગુણ ધરાવનારાઓ અને (ખૂબ પ્રમાણમાં) ઈબાદત કરવાવાળા હોય છે. દિવસે ૫૧ રકઅત નમાઝ પઢે છે. આખી રાત (ઈબાદત માટે) જાગતા રહે છે અને દિવસે રોઝા રાખે છે, પોતાની ધન-દૌલતની ઝકાત આપે છે. ખુદાના ઘર (કાઅબા)ની હજ કરે છે અને હરામ(કાર્યો)થી દુર રહે છે.

**(બિહારૂલ અનવાર ભાગ-૬૫)**



## શીઆઓની ઓળખ :

ઈમામ જાઅફરે સદિક અ.સ. ફરમાવે છે કે :

અમારા શીઆઓને ત્રણ બાબતોથી ઓળખો :-

કે તેઓ :

(૧) નમાઝના સમયનું કેવી ચોકસાઈથી પાલન કરે છે ?

(૨) પોતાના રહસ્યોને કેવી રીતે અહલેબૈત અ.સ.ના શત્રુઓથી ગુપ્ત રાખે છે ?

(૩) પોતાની ધન - દોલતમાંથી તેઓ કેવી રીતે પોતાના મોઅમિન ભાઈ માટે કુરબાની આપે છે ?

(બિહારૂલ અનવાર ભાગ-૮૩)



E-mail : hadimasik@yahoo.com



# બાપની કાળજી ન લેવાનું પરિણામ

એક વૃધ્ધ વ્યક્તિ પોતાના દીકરાને પયગમ્બર સ.અ.વ.ની સેવામાં રડતાં રડતાં લઈને આવ્યો અને અરજ ગુજારી કે "હે અલ્લાહના રસુલ સ.અ.વ. ! આ મારો યુવાન દીકરો છે. મેં મારી આખી જીંદગી અને બધી જ ધન દૌલત એના ઉપર ખર્ચ કરી દીધી છે અને જ્યારે હું તેનો આશ્રિત, દરિદ્ર અને વૃધ્ધ થઈ ગયો છું, ત્યારે મારી કોઈ કાળજી નથી લેતો. જો કે તેની પાસે ધન દૌલત, ઘઉં, જવ અને ખજુરના ઢગલે ઢગલાં અને સોનાચાંદીથી ભરેલા ઘણાં થેલાઓ છે."

આપ સ.અ.વ.એ તે યુવાનને કહ્યું "આ તારો બાપ શું કહે છે ?" પેલા યુવાને અરજ ગુજારી કે "હે અલ્લાહના રસુલ સ.અ.વ.! મારી પાસે થોડીક જ સંપત્તિ છે. કાંઈ વધારે નથી."

આપ સ.અ.વ.એ ફર્માવ્યું "જો તારા બાપનો આ મહિનાનો ખર્ચ હું આપી દઉં છું પરંતુ તે પછીનો ખર્ચ તું કરજે." પછી હજરતે અસામાને બોલાવીને ફર્માવ્યું "આ વૃધ્ધ વ્યક્તિને ૧૦૦ દિરહમ આપી દો."



બીજા મહીને ફરીથી પેલો વૃધ્ધ વ્યક્તિ પોતાના દીકરાની ફરિયાદ લઈને આવ્યો તો પેલા

યુવાને કહ્યું "મારી પાસે કોઈ સંપત્તિ નથી." આપ સ.અ.વ.એ ફર્માવ્યું "તું જુઠું બોલે છે. તારી પાસે ઘણી ધન દૌલત અને સંપત્તિ છે પરંતુ આજે રાત્રે તું પોતાના બાપ કરતાં પણ વધારે દરીદ્ર અને ફકીર થઈ જઈશ."

જ્યારે રાત્રી થઈ ત્યારે પાડોશીઓએ આવીને પેલા યુવાનને કહ્યું કે "તારા માલના ઢગલાઓમાંથી ખુબ જ ભયંકર દુર્ગંધ આવે છે." જ્યારે તે યુવાન પહોંચ્યો અને પોતાની વખાર ખોલી તો જોયું કે બધાજ ઘઉં, જવ, અને ખજુર સડી ગયા હતાં અને તેમાંથી ભયંકર દુર્ગંધ આવતી હતી. પાડોશીઓએ તેને ફરજ પાડી કે મજુરોને લગાડીને આ સડેલી વસ્તુઓને મદીનાની બહાર ફેંકાવી દે. છેવટે ઘણી રકઝક પછી અને ખૂબ જ મોટી રકમની મજુરી લઈને મજુરો આ કામ માટે તૈયાર થયા.

સડી ગયેલી વસ્તુઓ ફેંકાવી દીધા પછી મજુરોને મજુરી આપવા માટે જ્યારે તે યુવાને પોતાના પૈસાના થેલાઓ ખોલ્યા તો જોયું કે તમામ સિક્કાઓ પત્થરના થઈ ગયા છે. ના છુટકે તેણે પોતાના ઘરનો બધો જ માલસામાન એટલે સુધી કે પોતાના પહેરવાના વસ્ત્રો પણ વેચીને મજુરોને મજુરી આપવી પડી. આ દુઃખદ ઘટનાથી તે યુવાન બિમાર પડી ગયો અને થોડા વખતમાં જ મરી ગયો.



# પોતાનો હિસ્સો




જમલના યુધ્ધમાં ઈમામ અલી અ.સ. સાથે ૧૨૦૦૦ સૈનિકોએ ભાગ લીધો હતો. જ્યારે યુધ્ધમાં વિજય થયો ત્યારે અમીરૂલ મોઅમેનીન અ.સ.એ. હુકમ આપ્યો કે બસરાના બૈતુલમાલને બધાની વચ્ચે સરખા ભાગે વહેંચી દેવામાં આવે.





E-mail : hadimasik@yahoo.com

ગણતરી કરતાં દરેક વ્યક્તિને ૫૦૦ દિરહમનો હિસ્સો મળતો હતો. પુરેપુરા ખંત અને ચીવટ સાથે દરેક વ્યક્તિને ૫૦૦ દિરહમ આપી દેવામાં આવ્યા અને ખજાનો ખાલી થઈ ગયો.

ઈમામ અલી અ.સ.એ પોતે પણ બીજા સાથીઓની જેમ ફક્ત ૫૦૦ દિરહમ જ લીધા અને બૈતુલમાલને સંબોધીને કહ્યું કે "ગુર્રી ગયરી" એટલે કે "તું મારા સિવાય બીજા કોઈને છેતરવા પ્રયત્ન કરજે, અલી અ.સ. તારાથી છેતરાશે નહીં."

યુધ્ધની સમાપ્તી અને બયતુલમાલની વહેંચણી પછી જ્યારે આપ અ.સ. પરત આવી રહ્યા હતાં ત્યારે માર્ગમાં આપને એક વ્યક્તિનો ભેટો થયો. તેણે કહ્યું "હે અમીરૂલ મોઅમેનીન અ.સ. ! હું યુધ્ધમાં તો આપની સાથે સામેલ થઈ શકયો નહોતો પરંતુ મનથી આપની સાથે જ હતો. મૌલા બૈતુલમાલની વહેંચણીમાંથી મને પણ કાંઈ તો આપો" આપ અ.સ.એ તેની વાત સાંભળીને પોતાનો હિસ્સો તેને આપી દીધો અને ખાલી હાથે ઘરે પાછા ફર્યા.

(શરહે નહજુલ બલાગાહ-ઈબ્ને અબ્લિ હદીદ, ભાગ-૧, પાન-૨૪૯)

શું તમે પણ કોઈ પ્રસંગે પોતાનો હિસ્સો અથવા પોતાની જરૂરીયાતની કોઈ વસ્તુ કોઈ અન્ય જરૂરત ધરાવતા માણસને આપી છે ખરી ?



# દાડમ

(૧) આપ સ.અ.વ.એ ફરમાવ્યુ છે કે "દાડમ બધા ફળોમાં એક મહત્વનું ફળ છે. દાડમ ખાઓ અને શયતાનને ચાલીસ દિવસ સુધી પોતાનાથી દૂર રાખો."

(૨) આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "જ્યારે કોઈ વ્યક્તિ એક આખું દાડમ ખાય છે ત્યારે ખુદાવન્દે આલમ તેના મનને પૂર્ણિમાની રાત્રીની જેમ પ્રકાશિત કરી દે છે."

(૩) ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યુ છે કે "દાડમનો દરેક દાણો કે જે પેટમાં જાય છે. તે હૃદયને એક નવજીવન અને મનને બળ (શક્તિ) આપે છે."

(૪) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે "ફળો ૧૨૦ પ્રકારના હોય છે અને તેમાં સર્વશ્રેષ્ઠ ફળ દાડમ છે."

(૫) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે ચાર વસ્તુઓ મનુષ્યની પ્રકૃતિને સપ્રમાણમાં (બેલેન્સમાં) રાખે છે. દાડમ, પાકેલી ખજુર - બનફશા (એક પ્રકારનું ફુલ) અને કાસની (એક પ્રકારનું ફુલ)"





E-mail : hadimasik@yahoo.com

(૬) ઈમામ સાદિક અ.સ.એ. ફરમાવ્યું છે કે "જો કોઈ વ્યક્તિ રાત્રે સુઈ જતી વખતે એક દાડમ ખાઈને સૂએ તો સવાર સુધી તેનો જીવ સલામત રહે છે."

(૭) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે "જો કોઈ મોમીન દાડમ ખાય તો તેણે આખું દાડમ ખાવું જોઈએ. તેમ કરવાથી ખુદાવન્દે આલમ ચાલીસ દિવસ સુધી શયતાનને તેનાથી દુર કરી દે છે. અને જે બે દાડમ ખાય છે તો ખુદાવન્દે આલમ શયતાનને તેનાથી સો દિવસ માટે દુર કરી દે છે. અને જે સંપુર્ણ ત્રણ દાડમ ખાય તો ખુદાવન્દે આલમ શયતાનને પુરા એક વરસ માટે તેનાથી દુર કરી દે છે. અને મનુષ્ય શયતાન તરફથી થતાં નુકશાનથી સુરક્ષિત રહે છે અને તે ગુનાહ નથી કરતો અને જે ગુનાહ નથી કરતો તે જન્નતમાં જવાનો અધિકારી બની જાય છે."

(૮) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યુ છે કે "દાડમ મીઠું જ ખાવું જોઈએ - કેમકે મીઠા દાડમનો શરીરમાં જનાર દરેક દાણો રોગને જડમૂળમાંથી નાશ કરે છે અને શયતાનના બહેકાવાથી દૂર રાખે છે."

(૯) ઈમામ હસન અસ્કરી અ.સ.એ. ફરમાવ્યું છે કે શરીરમાંથી (અસ્વચ્છ) ગંદુ રક્ત કઢાવ્યા પછી મધુર દાડમ ખાવું જોઈએ કેમકે મીઠું દાડમ શરીરમાં સ્વચ્છ તાજુ રક્ત બનાવે છે અને રક્તને શુધ્ધ કરે છે.

(૧૦) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે દાડમને તેની અંદરની સફેદ પાતળી ત્વચા સાથે ખાવું જોઈએ. (એ પાતળી સફેદ ત્વચા કાઢી નાંખવી જોઈએ નહીં) કેમકે આ સફેદ પાતળી ત્વચા પાંચન તંત્રની સફાઈ અને મગજ શક્તિને મજબૂત કરે છે.



# આપણા
# શીઆઓના
# અકીદાઓ

(હપ્તો-૩)



આપણા શીઆ ફિરકાવાળાઓ એવી માન્યતા ધરાવે છે કે ખુદા એક અને એક માત્ર અને બેનિયાઝ (સ્વતંત્ર) છે. તેનો ન કોઈ બાપ છે કે ન તો બેટો અને કોઈ એક પણ તેના જેવો કે તેની સાથે સરખાવી શકાય તેવો નથી. અને તેથી શરીર, સ્થળ, કાળ, દિશા, ફેરફાર, હલન, ચલન, અવતરવું વિગેરે ગુણો કે જે તેના સ્વયંસંપૂર્ણ હોવાને લાયક ન હોય તેવા કોઈ ગુણો તેનામાં નથી.

અને આપણા શીઆઓનો એવો પણ અકીદો છે કે તેના (અલ્લાહ) સિવાય બીજો કોઈ ઈબાદત કરવાને લાયક નથી. અને આજ્ઞા આપવી તેમજ શરીયતના કાનુન બનાવવાના અધિકાર ફક્ત તેને જ છે. અને તેની સાથે બીજા કોઈને સામેલ કરવું તે પછી આવી સામેલગીરી ગુપ્ત રીતે હોય કે ખુલ્લે ખુલ્લી હોય, તે અલ્લાહ ઉપર એક મોટો અત્યાચાર અને જેને માફ ન



E-mail : hadimasik@yahoo.com

કરી શકાય તેવો ગુનાહ છે. અને આપણા શીઆઓએ આ અકિદાઓ સંપુર્ણ બુધ્ધિથી મેળવેલ છે અને તેની કિતાબે ખુદા અને સુન્નતે શરિફાથી પણ પુષ્ટી થયેલ છે. અને તે (એટલે કે કિતાબે ખુદા અને સુન્નતે શરીફા) અકીદાના કેન્દ્ર બિંદુ છે.

આપણે શીઆઓએ પોતાના અકીદાઓની બાબતે એવી હદિસોનો આધાર નથી લીધો કે જેમાં યહુદી અને ખ્રિસ્તી વિચારસરણી (એટલે કે બનાવટી તૌરાત અને બાઈબલ) થી ઉપજાવી કાઢેલી બાબતો જેમાં ભેળસેળ થઈ ગયેલી હોય કે જેમણે અલ્લાહને મનુષ્યની જેમ માની લીધેલ છે અને તેની સરખામણી મખલુક (પૈદા કરેલ વસ્તુઓ) સાથે કરે છે. અથવા તો તેની તરફ જોર જુલમ અને બેહુદા કામો જોડી દે છે. ખરેખર તો અલ્લાહત્આલા આ તમામ દુર્ગુણોથી તદ્દન પાક અને પવિત્ર છે અને આ લોકો જછે કે જેઓ ખુદાના તદ્દન પાક અને પવિત્ર અને માસુમ અમ્બીયા સાથે બુરાઈઓ અને દુર્ગુણો જોડી દે છે.

(વધુ આવતા અંકે)




E-mail : hadimasik@yahoo.com



# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન :** આપણે એવું શું કરવું જોઈએ કે જેનાથી આપણું જીવન એશ-આરામથી વિતાવી શકીએ ?

**જવાબ :** કુરઆને મજીદમાં ઈર્શાદ થયેલ છે કે "સારી પેઠે સમજી લો કે આ જગતનું જીવન રમત-ગમત ખેલ-તમાશો શોભા અને માંહે માહે શેખી કરવા તથા માલ અને ઔલાદની વૃધ્ધીની ઈચ્છા કરવા સિવાય બીજું કાંઈ નથી. તેનું ઉદાહરણ વરસાદ જેવું છે કે જેની ઉત્પાદન શક્તિ ખેડુતોને પ્રસન્ન કરી દે છે. પછી તે ખેતપેદાશ સુકાઈ જાય છે. અને દુનિયાનું જીવન એક છળના સાધન સિવાય બીજુ કાંઈ નથી. તમે તમારા પરવરદિગારની ક્ષમા અને જન્નત તરફ દોડી પડો કે જન્નતની લંબાઈ પહોળાઈ (ક્ષેત્રફળ) આકાશ અને પૃથ્વીની (બંન્નેની સંયુક્ત) લંબાઈ-પહોળાઈની બરાબર છે. જે કોઈ પણ આફત પૃથ્વી પર અથવા તો તમારી જાત પર આવી પડે છે. અમે તેને (તે આફતને) અસ્તિત્વમાં લાવીએ તે પહેલાં જ તે (આફત) કિતાબે ઈલાહી (લવહે મહફુઝ)માં લખાણ સ્વરૂપે મોજુદ હોય છે અને નિસંશય આ કાર્ય તો અલ્લાહ માટે (ઘણુંજ) સહેલું છે. આ





E-mail : hadimasik@yahoo.com

એટલા માટે છે કે તમારા હાથમાંથી જે કાંઈ જતું રહે તેના માટે (તમે) અફસોસ કરો નહીં અને તેણે (અલ્લાહએ) તમને જે કાંઈ આપ્યું છે તે માટે (તે મેળવીને) તમે ફુલાઈ ન જાવ. કેમકે અલ્લાહ ગર્વ-ઘમંડ કરનાર અને શેખીખોર વ્યક્તિઓને પસંદ નથી કરતો" (સુરએ હદીદની આયત નં. ૨૦ થી ૨૩ માંથી સંક્ષિપ્ત કરીને.)

ઉપરોક્ત આયતના છેલ્લા વાક્યો એ વાતનો બોધ આપે છે કે જે અપનાવીને મનુષ્ય આ જગતમાં સુખ-શાંતિપૂર્વક જીવન વ્યતિત કરી શકે છે. એટલે કે કાંઈ પ્રાપ્ત થઈ જાય તો તેનાથી પ્રસન્ન થઈને ફુલાઈ જવું જોઈએ નહીં કેમકે આ મળેલ વસ્તુ કયાં આપણી પાસે પહેલાંથી હતી ? અને મનુષ્યે પોતાની પાસેની કોઈ વસ્તુ તેની પાસેથી ઝુંટવાઈ જાય (તેના કબ્જામાંથી ચાલી જાય, નષ્ટ થઈ જાય) તે સંજોગોમાં પણ અફસોસ અને દુઃખી થવું જોઈએ નહીં. જેણે આપ્યું હતું તેણે જ પરત પણ લઈ લીધું. એના ઉપર આપણો અધિકાર જ કયાં હતો ? એટલે કે મનુષ્યે હમેશાં મધ્યમમાર્ગી બનવું જોઈએ. દા.ત. એક બેન્કનો કર્મચારી અમુક સમય સુધી બેન્કમાં પૈસા લેવાની કામગીરી સંભાળતો હોય છે અને પોતાના ખાતામાંથી તેમણે ઉપાડેલી રકમ લોકોને આપવાની કામગીરી પણ તે કર્મચારીને જ થોડા સમય પછી સોંપવામાં આવે છે. પરંતુ આ કર્મચારી એ દિવસે પણ અંગત રીતે કોઈ પ્રસન્નતા અનુભવતો નહોતો કે જ્યારે પૈસા લેવાની કામગીરી કરતો હતો અને તેવી જ રીતે જ્યારે તે લોકોને પૈસા આપવાની કામગીરી કરતો હોય તે દિવસે પણ અંગત રીતે તે કોઈ દુઃખ કે અફસોસ અનુભવતો નથી કેમકે તે જાણે છે કે આ બંન્ને પ્રસંગે



તેની પાસે આવતો કે જતો પૈસો તેનો હોતો નથી. તે તો ફક્ત તે પૈસાના વહીવટકર્તાથી વિશેષ કાંઈ નથી.



એક બીજું દૃષ્ટાંત પણ જોઈએ કે એક પક્ષીનું એક ફુલના છોડની ડાળી ઉપર બેસવું તે છોડ અને ડાળીને ભારરૂપ લાગે છે. પરંતુ એક ઘટાદાર વૃક્ષના થડ કે ડાળીઓ ઉપર પક્ષીઓના બેસવાથી તે ઘટાદાર વૃક્ષને કાંઈ અસર થતી નથી. કેમકે તે ફુલના છોડની સહનશક્તિ ઓછી હોય છે. પરંતુ એક ઘટાદાર વૃક્ષની સહનશક્તિની સીમાઓ ઘણી વિશાળ હોય છે.

તેવી જ રીતે જે વ્યક્તિના મનમાં સહન કરવાની શક્તિ વધારે હોય છે તેમનો આત્મા (મન) આ જગતની નાની-મોટી સમસ્યાઓ, નાની મોટી વાતોથી પ્રભાવિત થતી નથી અને તેઓ આવા પ્રસંગોએ વિચલિત થઈ જતાં નથી.

ઈમામ હુસૈન અ.સ.એ આશૂરાના દિવસે ખૂબજ મુશ્કેલીભર્યા સમયમાં અને દુઃખના ડુંગરો વચ્ચે ચારે તરફ તીરોના વરસાદ વચ્ચે હજારો ઘા ખાઈને અને અનેક દુઃખો વેઠીને પણ ઝોહરની નમાઝ સંપૂર્ણ તન્મયતા અને એકાગ્રતાથી અદા કરી હતી. કેમકે તેઓ એક મહાન આત્મા અને તદ્દન સંતુષ્ઠ મન ધરાવતા વ્યક્તિ હતાં અને એક સામાન્ય વાત અને અત્યંત તુચ્છ મુસીબતથી પણ નમાઝની આપણી એકાગ્રતાનો ભંગ થઈ જાય છે. કેમકે આપણી આત્મશક્તિ તદ્દન નબળી છે. આપણું ઈમાન તેટલું મજબુત નથી. તેથી આપણાં આ આમાલમાં એકાગ્રતા અને તન્મયતા (ખુશુઅ અને ખુઝૂઅ) હોતો નથી.



E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**મિઠવાણી સજ્જાદ હબીબઅલી**
જુનો કડીયાલી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા સીટી.



**રવજાણી ફઝલ મુનીર અબ્બાસ**
જુનો કડીયાલી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા સીટી.



**રવજાણી મોહમ્મદ મુનીર અબ્બાસ**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા સીટી.




**જીવાણી અબ્બાસ તુરાબઅલી**
વ્હોરા મસ્જીદ પાસે, કુંભનાથ રોડ, રાજુલા સીટી.

# સત્ય પ્રિયતાએ બીજાઓને પ્રાયશ્ચિત (તૌબા) કરવાની પ્રેરણા આપી

લુટારાઓની એક ટોળકી કોઈ વટેમાર્ગુની શોધમાં હતી કે તેનો માલ સામાન લુંટી લઈ શકે. અચાનક તેમને એક વટેમાર્ગુ દેખાયો અને તેઓએ તરત જ દોડીને તેને પકડી લીધો અને કહ્યું "તારી પાસે જે કાંઈ છે તે અમને આપી દે." તેણે કહ્યું "મારી પાસે ફક્ત ૮૦ દિનાર છે. તેમાંથી ૪૦ દિનાર તો મેં ઉધાર લીધેલ રકમ ચુકવવા માટે છે અને બાકીની રકમ મારા વતન સુધી પહોંચવાના ખર્ચ માટે છે." લુટારૂં ટોળકીના સરદારે કહ્યું "આને છોડી દો, આ કોઈ કમનસીબ વ્યક્તિ છે. આની પાસે વધારે પૈસા નથી."

લુટારાઓ પોતે સંતાઈ જવાના સ્થળે જઈને બેસી ગયા અને તે વટેમાર્ગુ પોતાના માર્ગે ચાલ્યો ગયો અને પોતાની ઉધારી ચુકવીને પરત આવતો હતો તો ફરી તેના માર્ગમાં ચોર મળી ગયા. ચોરોએ કહ્યું "તારી પાસે જે કાંઈ છે તે બધું આપી દે નહીં તો તને મારી નાંખીશું" તે વટેમાર્ગુએ કહ્યું "મારી પાસે ૮૦ દિનાર હતાં તેમાંથી ૪૦ દિનારની તો હું ઉધારી ચુકવી આવ્યો છું અને બાકીની રકમ



મારા ખર્ચ માટે છે." ચોરોના સરદારે આજ્ઞા કરી કે તેની અંગઝડતી લેવામાં આવે. અંગ ઝડતી લેતા તેના સામાન અને વસ્ત્રોમાંથી ફક્ત ૪૦ દિનાર જ નિકળ્યા.

ચોરોના સરદારે પુછયું, "આવા ખતરનાક પ્રસંગે પણ તું શા માટે સાચું બોલ્યો અને જુઠું કેમ બોલ્યો નહીં?"

તેણે કહ્યું "મેં બાળપણમાં મારી માને વાયદો કર્યો હતો કે આખી જિંદગી હું સાચું જ બોલીશ અને કદીએ જુઠનો આશરો નહીં લઉં."

ચોરો આ સાંભળીને અટ્ટહાસ્ય કરવા લાગ્યા. પરંતુ ચોરોના સરદારે એક ઠંડો શ્વાસ લીધો અને કહ્યું "હાય અફસોસ !! તું પોતાની મા સાથે કરેલા વાયદા ઉપર અત્યાર સુધી કાયમ છે અને જુઠનો આશરો લેતો નથી. પરંતુ હાય અફસોસ !! કે હું ખુદા સાથે મેં કરેલા વાયદા ઉપર કાયમ નથી રહ્યો કે આપણે વાયદો કર્યો હતો કે કોઈ ગુનાહ નહિં કરીએ" તે પછી તેણે ત્રાડ પાડી અને કહ્યું "હે ખુદા ! હવેથી હું તારી સાથે કરેલા વાયદા પ્રમાણે જ વર્તીશ. મારા પાલનહાર ! મારી તૌબા !! મારી તૌબા !!"

(તૌબા આગોશે રહેમત પાન - ૧૮૭)



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




**ફૈઝાન મેહદી ઝહીર અબ્બાસ**
વોરા સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર.




**મીઠવાણી સજ્જાદ રઝા**
જુનો કડીયાલી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




**અઝીમ ઝેહરા જી. નરસિંહ**
વોરા ૧૬/૧૭, અલ-અમરીન પાર્ક, ગોલ્ડન પાર્ક પાસે,
વટવા, અમદાવાદ





E-mail : hadimasik@yahoo.com

# જુઓ અને સમજો




ભાવતા ભોજન સાથે



અનોખું યુદ્ધ



સમયની કિંમત



કુદરતી ડીપ ફ્રીઝર





# સમયની કિંમતની પરખ અને અહલેબૈત અ.સ.

સમય અને નવરાશની પળો તેમજ રાત અને દિવસનો સમય કે જે મનુષ્યના પોતાના કાબુમાં છે તેમાંથી સારો લાભ મેળવવાની બાબતે અને તેના સદ્ઉપયોગ દ્વારા દુનિયા અને આખરેતની ભલાઈ પ્રાપ્ત કરવાની બાબતમાં અઈમ્માએ અહલેબૈત અ.સ.એ આપણને ઘણી સારી રીતે શીખવાડ્યું છે.

દા.ત. આપ સ.અ.વ.એ. ફરમાવ્યું છે કે પાંચ બાબતોને પાંચ બાબત ઉપર પ્રાધાન્ય આપો.

(૧) જિંદગીને મૃત્યુ કરતાં.

(૨) સલામતી અને સ્વાસ્થ્યને બીમારી કરતાં.

(૩) નવરાશની પળોને વ્યસ્તતા કરતાં.

(૪) યુવાનીને વૃધ્ધાવસ્થા કરતાં.

(૫) નિસ્પૃહતાને ખાલી હાથ (દરિદ્રતા) કરતાં.

એવી જ રીતે ઈમામ અલી અ.સ.એ. ફરમાવ્યું છે કે, મોમીન પોતાના જીવનને ત્રણ ભાગમાં વહેંચી દે છે અને

(૧) તેનો એક ભાગ પોતાના પરવરદિગારની દુઆ અને તેની પાસે યાચના કરવામાં ગાળે છે.



E-mail : hadimasik@yahoo.com

(૨) એક ભાગ પોતાની આજીવિકા રળવામાં ગાળે છે.

(૩) અને એક ભાગને પોતાના આરામ અને હલાલ રીતે મોજ-મજા કરવામાં ગાળે છે.

અને બુધ્ધિશાળી વ્યક્તિને એ છાજતું નથી કે આજીવિકા રળવા, ઈબાદત કરવા અને હલાલ રીતે મોજમજા કરવા સિવાય અન્ય કોઈ વાતની ચિંતા કરતો રહે. (નહજુલ બલાગાહ-હિકમત-૩૯૦)

આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે પોતાની જીંદગીની બાબતે (સમયના મામલામાં) પોતાના પૈસા ટકા કરતાં પણ વધારે કંજુસાઈથી વર્તો. (બિહાર-ભા.-૭૭-પા.નં.૭૬)

ઈમામ અલી અ.સ.એ. ફરમાવ્યું છે કે "આજના દિવસે જ આવતી કાલ માટેનું ભાથુ બાંધી રાખો અને સમય હોય તો તેને એક સારી તક સમજો અને નવરાશની પળોને લાભદાયક બનાવો" (ગરરૂલ-હકમ-ભા.-૧-પાન.નં.૩૯૪)

ઈમામ અલી અ.સ.એ પોતાના એક સહાબીને શીખામણ આપતા લખ્યું હતું કે "તમારી જીંદગીનો જે ભાગ હજી બાકી છે તેમાં તમારી પાછલી જીંદગીનો હિસાબ લો. આવતી કાલનો ભરોસો રાખશો નહીં કેમકે અગાઉના યુગમાં જે લોકો નેસ્ત-નાબુદ થઈ ગયા છે, તેઓ હંમેશા પોતાની ઈચ્છાઓની તૃપ્તીમાં રત રહેતા હતાં. અને સદ્કાર્યોની બાબતોને આજથી કાલ ઉપર જ ટાળતાં રહેતા હતાં. એટલે સુધી કે મૃત્યુની ક્ષણ આવી પહોંચી અને તેઓ ગફલતમાં જ માર્યા ગયાં. (ઉસૂલેકાફી. ભાગ-૨-પા.નં.૧૩૬)





E-mail : hadimasik@yahoo.com

આપ અ.સ.નો જ ફરમાન છે કે “શકયતા પહેલા ઉતાવળ કરવી અને ફુરસતની પળોમાં શકયતાની તકોને વેડ્ફી નાંખવી મનુષ્યની મુર્ખતા છે.” (નહજુલ બલાગાહ-હિકમત-૩૬૩)

અઈમ્મએ માઅસૂમીન અ.સ.એ. પોતાની વાણી-વકતવ્ય અને વર્તનથી પણ ઉદાહરણ આપીને સમયની કિંમત સમજાવી છે.

ઈમામ સજ્જાદ અ.સ. કે જેઓ પોતાના જીવનની દરેક ક્ષણની ચિંતા કરતા હતાં કે જીવનની દરેક ક્ષણ અલ્લાહની તાબેદારીમાં જ પસાર થાય અને અસત્યના માર્ગથી અંતર રહે. તેઓ પોતાની એક મુનાજાતમાં ખુદાની બારગાહમાં અરજ ગુજારે છે કે “હે ખુદા ! મને એટલું જ જીવન આપજે કે જે હું તારી તાબેદારીમાં પસાર કરી શકું અને જ્યારે મારૂ જીવન શૈતાનના ચરવાનું સ્થળ બનવાનું હોય ત્યારે તું મને આ જગતમાંથી ઉપાડી લેજે.”

(સહીફએ સજ્જાદિયાહ, દુઆ-નં.-૨૦)

બીજું દૃષ્ટાંત : ૯૪ વરસની ઉંમરનો ઉનવાન બસરી નામનો એક વ્યકિત ઈમામ સાદિક અ.સ.ની સેવામાં હાજર થયો અને આપને કેટલાંક મસાઈલ (ધર્મ સંબંધિત બાબતો) પૂછી અને તે પછી પણ બિનજરૂરી રીતે ત્યાં જ બેસી રહ્યો. ઈમામ અ.સ.એ. જ્યારે જોયું કે તે બીનજરૂરી રીતે ત્યાં બેસીને સમય વેડ્ફી રહ્યો છે. ત્યારે આપે તેને ફરમાવ્યું “હું એક સક્રિય જીવન શૈલીવાળો વ્યક્તિ છું અને રાત-દિવસના દરેક ક્ષણને હું ખુદાની ઈબાદતમાં પસાર કરૂં છું. હે વૃધ્ધ વ્યક્તિ! તમે પણ જાવ અને કોઈ સદ્કાર્યમાં પ્રવૃત્ત રહો અને મારી ઈબાદતની બાબતમાં આડખીલીરૂપ ન બનો.” (બિહાર-ભાગ-૨, પા.નં.-૨૨૪)









E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હસન અસ્કરી (અ.સ.)ની વિલાદત



આપનું મુબારક નામ : હસન (અ.સ.) છે. અને પ્રખ્યાત થયેલ લકબ અસ્કરી છે અને આપની કુનીયત 'અબૂ મુહમ્મદ' છે. આપના વાલિદે ગિરામીનું નામ ઈમામ અલીનકી છે. અને આપની વાલિદાનું નામ "સુલેયલ" અથવા "હુદૈસ" અથવા "સવસન" છે.

આપની વિલાદત મદીના મુનવ્વરામાં ૧૦ રબીઉસ્સાની સન ૨૩૨ હિજરીના દિવસે થઈ હતી.

જ્યારે આપના વાલિદે બુઝર્ગવારની શહાદત થઈ ત્યારે આપની ઉંમર ૨૨ વરસની હતી અને આપની ઈમામતનો જમાનો છ વરસનો છે.


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.


E-mail : hadimasik@yahoo.com







# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


